અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૩૯૬૪-૪૦૦૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૪/૦૭/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯ થી ૧૨ ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર બાબત.

સંદર્ભ:-
1. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/ધોરણ-૧૦પરીક્ષા/સંશોધન/માર્ચ-૨૦૧૧/૧૦૪૨ તા.૦૨/૧૧/૨૦૧૦
2. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/વર્ગબઢતી/૧૬૩૦ તા.૨૦/૬/૨૦૧૧
3. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૬/૬૯૮૯-૭૦૨૭ તા.૧૫/૭/૨૦૧૬
4. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૬/૭૪૯-૭૮૨ તા.૧૭/૧૧/૨૦૧૬
5. અત્રેની ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજુરી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્રોથી ધોરણ-૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રાજ્ય સરકારશ્રી દ્વારા જૂન-૨૦૧૮થી ધોરણ-૯માં ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ અંગ્રેજી (પ્રથમ ભાષા)માં અને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી (પ્રથમ ભાષા)માં એન.સી.ઇ.આર.ટી.ના પાઠ્યપુસ્તકોનો અમલ કરવામાં આવેલ છે. જૂન-૨૦૧૯થી ક્રમશ: ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આ જ રીતે એન.સી.ઇ.આર.ટી.ના પાઠ્યપુસ્તકોનો અમલ કરવામાં આવનાર છે. તેથી ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની ધોરણ-૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કરવો આવશ્યક હોવાથી નીચેની વિગતે પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવે છે.

1. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ-૯માં પ્રથમ કસોટીના ૫૦ ગુણ, બીજી કસોટીના ૫૦ ગુણ અને વાર્ષિક પરીક્ષાના ૮૦ ગુણ રહેશે. જેમાં તમામ પ્રકારના પ્રશ્નો જેવા કે હેતુલક્ષી પ્રશ્નો, ટૂંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધલક્ષી પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. હેતુલક્ષી પ્રશ્નો ૨૦% રહેશે. અન્ય પ્રશ્નો ૮૦% રહેશે. આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ રહેશે જેની વિગત પેરેગ્રાફ-૨માં દર્શાવેલ છે. સમગ્ર વર્ષ દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓ અને આંતરિક મૂલ્યાંકનના કુલ ૨૦૦ ગુણના ૫૦% ગણતરી કરીને ૧૦૦ ગુણમાંથી વાર્ષિક મુલ્યાંકન કરવાનું રહેશે. વિદ્યાર્થીએ ઉત્તીર્ણ થવા માટે ૩૩% ગુણ મેળવવાના રહેશે.

2. શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૧૯થી ધોરણ-૯માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન ને બદલે આંતરિક મૂલ્યાંકન રહેશે જેના ૨૦ ગુણ રહેશે. જેમાં,
   - ૫ ગુણ - પ્રથમ કસોટીમાં મેળવેલ ગુણના આધારે
   - ૫ ગુણ - બીજી કસોટીમાં મેળવેલ ગુણના આધારે
   - ૫ ગુણ - નોટબુક સબમિશન
   - ૫ ગુણ - સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટિવીટી (ભાષાઓમાં સ્પીકિંગ અને લીસનીંગ ટેસ્ટ, વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય તેમજ અન્ય વિષયોમાં પ્રોજેક્ટ કાર્ય રહેશે.)

3. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ-૧૦ની માર્ચ-૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦% (MCQ) OMR પદ્ધતિને સ્થાને ૨૦% હેતુલક્ષી પ્રશ્નો રહેશે. બોર્ડની પરીક્ષામાં ધોરણ-૧૦માં બોર્ડની પરીક્ષાનો ગુણભાર ૭૦% ને બદલે ૮૦% રહેશે. તેમજ આંતરિક મૂલ્યાંકનના ૨૦% રહેશે. બોર્ડના ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં ૨૦% (૧૬ ગુણ) હેતુલક્ષી પ્રશ્નો તેમજ ૮૦% (૬૪ ગુણ) ટૂંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધલક્ષી પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

4. શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦થી ધોરણ-૧૦માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના સ્થાને આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ રહેશે. જેમાં,
   - ૫ ગુણ - પ્રથમ કસોટીમાં મેળવેલ ગુણના આધારે
   - ૫ ગુણ - બીજી કસોટીમાં મેળવેલ ગુણના આધારે

* ૫ ગુણ - નોટબુક સબમિશન
* ૫ ગુણ - સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટિવીટી (ભાષાઓમાં સ્પીકિંગ અને લીસનીંગ ટેસ્ટ, વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય તેમજ અન્ય વિષયોમાં પ્રોજેક્ટ કાર્ય રહેશે.)

5. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ કસોટીના ૫૦ ગુણ, બીજી કસોટીના ૫૦ ગુણ અને વાર્ષિક પરીક્ષાના ૮૦ ગુણ રહેશે. જેમાં ૫૦% (MCQ) OMR પદ્ધતિ ને બદલે ૨૦% હેતુલક્ષી પ્રશ્નો રહેશે. અન્ય પ્રકારના પ્રશ્નો ૮૦% રહેશે. પ્રશ્નપત્રમાં તમામ પ્રકારના પ્રશ્નો જેવા કે હેતુલક્ષી પ્રશ્નો, ટૂંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધલક્ષી પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ રહેશે. જેમાં,
    * ૫ ગુણ - પ્રથમ કસોટીમાં મેળવેલ ગુણના આધારે
    * ૫ ગુણ - બીજી કસોટીમાં મેળવેલ ગુણના આધારે
    * ૫ ગુણ - નોટબુક સબમિશન
    * ૫ ગુણ - સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટિવીટી (ભાષાઓમાં સ્પીકિંગ અને લીસનીંગ ટેસ્ટ તેમજ અન્ય વિષયોમાં પ્રોજેક્ટ કાર્ય રહેશે.)

   કુલ ૨૦૦ ગુણના ૫૦% ગણતરી કરીને ૧૦૦ ગુણમાંથી વાર્ષિક મુલ્યાંકન કરવાનું રહેશે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે. પ્રાયોગિક કાર્યના ગુણ માર્કશીટમાં અલગ દર્શાવવામાં રહેશે.



6. શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ-૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦% (MCQ) OMR પદ્ધતિને સ્થાને બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રોમાં ૨૦% (૨૦ ગુણ) હેતુલક્ષી પ્રશ્નો રહેશે અને ૮૦% (૮૦ ગુણ) પ્રશ્નો ટૂંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધ પ્રકારના પ્રશ્નો વગેરે રહેશે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે.

7. ધોરણ-૯ અને ધોરણ-૧૧(વિજ્ઞાન પ્રવાહ)ના પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ વર્ગબઢતીના નિયમો હવે પછી બોર્ડ દ્વારા જણાવવામાં આવશે.

૮. ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં બોર્ડની પરીક્ષામાં પ્રશ્નપત્રોનું પરિરૂપ યથાવત રહેશે.

૯. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની માર્ચ-૨૦૧૯માં લેવાનાર બોર્ડની પરીક્ષા માટે હાલની પરીક્ષા પદ્ધતિ યથાવત રહેશે.

આ અંગે આપના તાબાની તમામ શાળાઓને જરૂરી કાર્યવાહી માટે જાણ કરશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,વડોદરા.

નકલ રવાના:-

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(વિ.પ્ર., સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, વડોદરા.